# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં.૧૬૬ તા.૧૧-૩-૧૬**

**ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-**

**આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્યશિક્ષકશ્રીઓને જણાવવાનું કે રાજયની પ્રાથમિક શાળાઓના પ્રારંભિક ધોરણોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં અર્થગ્રહણયુકત** વાંચન કૌશલ્ય કેળવાય તો જ તમામ વિષયોનું પ્રત્યાયન સંભવ બને. વિદ્યાર્થીઓ મૂળાક્ષર, માત્રા યુક્ત કે છૂટક શબ્દોનું અર્થગ્રહણ વગર માત્ર ઉચ્ચારણ કરે તે વાંચન નથી. વાક્ય કે વિચાર (ફકરાનું) અર્થગ્રહણ યુક્ત વાંચન મહત્વનું છે. પાઠ્ય સામગ્રીના વાંચન મહાવરા સાથે શરૂઆતથી જ વિદ્યાર્થીઓ વર્તમાનપત્ર, સામયિકો, બાળ સાહિત્ય સમજપૂર્વક વાંચે તે મહત્વનું છે. આ લક્ષ્યાંકની આપૂર્તિ માટે  સહઅભ્યાસિક પ્રવૃતિનું આયોજન આવશ્યક છે.

પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ જે તે ધોરણ અનુરૂપ અપેક્ષિત વાંચન કૌશલ્ય કેળવે તે માટે વર્ષ ૨૦૧૧-૧૨, ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ દરમ્યાન 'વાંચન સપ્તાહ' ઉજવવામાં આવેલ છે. ચાલુ વર્ષ તા. ૧૪/૩/૨૦૧૬ થી તા. ૧૯/૩/૨૦૧૬ દરમ્યાન સમગ્ર રાજ્યમાં વાંચન સપ્તાહ ઉજવવામાં આવશે.

લોઅર પ્રાયમરી સ્કૂલના વિદ્યાર્થીઓ માટે ૨ (બે) સ્પર્ધાના સ્પર્ધા દીઠ વિજેતા ક્રમાંક ૧ અને ૨ મળીને ૪ વિજેતા તેમજ શિક્ષકો માટેની ૧ (એક) સ્પર્ધાના વિજેતા ક્રમાંક ૧ મળીને લોઅર પ્રાયમરી સ્કૂલના કુલ ૫ વિજેતા તથા અપર પ્રાયમરીના ત્રણ સ્પર્ધા દીઠ વિજેતા ક્રમાંક ૧ અને ૨ મળીને ૬ વિજેતા, તેમજ શિક્ષકો માટે ૧ (એક) સ્પર્ધાના વિજેતા ક્રમાંક (૧) મળીને અપર પ્રાયમરી સ્કૂલના ૭ (સાત) વિજેતા પોતાની પસંદગીનું વાચન સાહિત્ય વસાવી શકે તે માટે વિજેતા દીઠ રૂ ૬૦/- પ્રોત્સાહન સ્વરૂપે જે તે શાળાની એસ.એમ.સી. ના બેંક ખાતામાંથી વિજેતા બનેલ વિદ્યાર્થીઓ અને શિક્ષકોના બેંક ખાતામાં જમા આપવાના રહેશે. લોઅર પ્રાયમરી શાળા દીઠ રૂ. ૩૦૦/- અને અપર પ્રાયમરી શાળા દીઠ રૂ. ૪૨૦/- લેખે ગ્રાન્ટ જે તે શાળાના સંબંધિત એસ.એમ.સી. ના બેંક ખાતામાં ફાળવવામાં આવશે.

તા. ૧૪/૩/૨૦૧૬ થી તા. ૧૯/૩/૨૦૧૬ સુધીની સ્પર્ધાઓની યાદી અને સ્પર્ધાની વિગતો સામેલ પત્રક મુજબ કરવાની રહેશે.

- વાચન સ્પર્ધાઓ : પ્રાર્થના કાર્યક્રમ દરમ્યાન ૨૦ મિનિટમાં કરવી. વર્ગમાં જ સ્પર્ધા કરીને પ્રથમ પાંચ વિદ્યાર્થિઓની રજુઆત જે તે દિવસે  પ્રાર્થના કાર્યક્રમ દરમ્યાન કરવી.
- સપ્તાહ દરમ્યાન પ્રાર્થના કાર્યક્રમમાં ધ્યાન અને પ્રાર્થના બાદ તુરતજ વાંચન સ્પર્ધા કરવી(ધૂન, ભજન, બાળગીત, ઘડિયાગાન ....વગેરે મુલતવી રાખવું.)
- વિષય શિક્ષણના કાર્ય દિવસ ન બગડે તે રીતે આયોજન કરવું
- વાંચન સપ્તાહની સ્પર્ધાઓના તમામ વિજેતાઓને પ્રોત્સાહન સ્વરૂપે આપવાની રકમ "વાંચન સપ્તાહ" ની ઉજવણી પૂર્ણ થાય એટલે તુરતજ તેઓના બેંક ખાતામાં જમા આપવી કોઇ પણ સંજોગોમાં રોકડ સ્વરૂપે ફાળવણી કરવી નહી.
- આ સપ્તાહની ઉજવણી એક પ્રવૃતિ માત્ર ન બની રહે પરંતુ વિદ્યાર્થી, વાલીઓ અને શિક્ષકો કાયમ માટે વાંચન શોખ કેળવે તે માટે સમયાંતરે આ પ્રકારની અભ્યાસપૂરક પ્રવૃતિઓ કરી શકાય.
- વાંચનની પ્રવૃતિ TLP નો એકજ ભાગ હોવાથી તેનું વર્ગ શિક્ષણ અને વિષય શિક્ષણ સાથે જોડાણ થાય તે અપેક્ષિત છે.

તા. ૧૪/૩/૨૦૧૬ થી તા ૧૯/૩/૨૦૧૬ દરમ્યાન ધોરણ ૨ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે 'વાંચન સપ્તાહ' ની ઉજવણી થાય તે પછી તા. ૨૮/૩/૨૦૧૬ સુધી વાંચન સપ્તાહનો અહેવાલ સી.આર.સી. કો. ઓર્ડિ. ને મોકલી આપવાનો રહેશે.

**તા.૧૧-૩-૧૬**

ડૉ. એલ. ડી. દેસાઈ
**શાસનાધિકારી**

નોંધ :- **આથી મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે મ્યુનિ. શાળાઓમાં હવે કામગીરી ફેરફારવાળા કોઈ પ્રાથમિક શિક્ષક / ઉચ્ચ પ્રાથમિક શિક્ષક કે વિદ્યાસહાયક રહેતા નથી. આમ છતાં આવા કોઈ પ્રાથમિક શિક્ષક / ઉચ્ચ પ્રાથમિક શિક્ષક કે વિદ્યાસહાયક રહી ગયા હોય તો જે-તે ઝોનના આસિ.એ.ઓ.ને લેખિતમાં રિપોર્ટ સાથે સંપર્ક કરી આદેશ મેળવી પોતાની મૂળ શાળામાં તાકીદે પરત હાજર થવા જણાવવામાં આવે છે. આ નોંધ શાળાના દરેક કર્મચારીઓ લેવડાવી સહી મેળવી શાળા દફતરે રાખવી.**

## 'વાચન સપ્તાહ'ની ઉજવણીનું આયોજન, તેના હેતુઓ, લાભાર્થીઓ, સ્પર્ધાઓ વગેરેને સમાવિષ્ટ કરતુ વિગતવાર માહિતીપત્રક

A. **સમયગાળો** : તા.૧૪/૩/૧૬ થી તા.૧૯/૩/૧૬

B. **ધોરણ** : **ધોરણ ૨ થી ૮ના વિદ્યાર્થીઓ**

C. **હેતુઓ** : વિદ્યાર્થીઓ,

- આરોહ–અવરોહયુકત વાચન કરે (Loudly Reading)
- સમજપૂર્વક મૂક વાચન કરે (Silent Reading)
- વાચન પ્રત્યેની રૂચિ કેળવે
- બાળસાહિત્યથી માહિતગાર થાય
- નિયમિત વાચક બને
- વાચનને અંતે પસંદગી મુજબ નોંધ લખતા થાય.

D. **સ્પર્ધાઓ :**

| ક્રમ | તારીખ | સ્પર્ધાની વિગત | સ્પર્ધકો | સ્પર્ધામાં ધ્યાન રાખવા યોગ્ય બાબતો | શાળા કક્ષાએ વિજેતા સ્પર્ધકો |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૪/૩/૧૬ | મુખવાચન | ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ | • આરોહ–અવરોહયુકત વાચન<br>• હ્રસ્વ–દિર્ઘ માત્રાનો ઉચ્ચાર<br>• મૂળાક્ષરનું ઉચ્ચારણ, જોડાક્ષરનું ઉચ્ચારણ<br>• સ્પષ્ટ ઉચ્ચારણ<br>• વિરામ ચિહનોને ધ્યાનમાં રાખીને વાચન કરવું | ૨ |
| ૨ | ૧૫/૩/૧૬ | વર્તમાનપત્રનું વાચન | ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ | • સમાચારની પસંદગી<br>• શબ્દોની સમજ,<br>• સ્પષ્ટ ઉચ્ચારણ<br>• વિષય સાથે અનુબંધ | ૨ |
| ૩ | ૧૬/૩/૧૬ | મુખવાચન | ધોરણ ૪ થી ૫ના વિદ્યાર્થીઓ | • આરોહ–અવરોહયુકત વાચન<br>• હ્રસ્વ–દિર્ઘ માત્રાનો ઉચ્ચાર<br>• મૂળાક્ષરનું ઉચ્ચારણ<br>• જોડાક્ષરનું ઉચ્ચારણ | ૨ |
| ૪ | ૧૭/૩/૧૬ | મુખવાચન | ધોરણ ૨ થી ૩ના વિદ્યાર્થીઓ | • આરોહ–અવરોહયુકત વાચન<br>• હ્રસ્વ–દિર્ઘ માત્રાનો ઉચ્ચાર<br>• મૂળાક્ષરનું ઉચ્ચારણ<br>• જોડાક્ષરનું ઉચ્ચારણ | ૨ |
| ૫ | ૧૮/૩/૧૬ | નિયમિત વાચક | ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ | • વર્ષ દરમ્યાન પુસ્તક ઈસ્યુ રજીસ્ટરમાં નોંધાયેલ માહિતીના આધારે તથા વિદ્યાર્થીએ વાંચેલ પુસ્તકોના આધાર મેળવ્યા બાદ નિયમિતરીતે વાચન કરતા બે વિદ્યાર્થીઓને સન્માનવા | ૨ |
| ૬ | ૧૯/૩/૧૬ | નિયમિત વાચક | શાળાના તમામ શિક્ષકો | • વર્ષ દરમ્યાન પુસ્તક ઈસ્યુ રજીસ્ટરમાં નોંધાયેલ માહિતીના આધારે શિક્ષકોએ વાંચેલ પુસ્તકોના આધાર મેળવ્યા બાદ લોઅર પ્રાયમરી શાળા માટે એક(૧) શિક્ષક અને અપર પ્રાયમરી શાળા માટે એક(૧) શિક્ષક એમ કુલ બે(૨) શિક્ષકોને સન્માનવા | ૨ |